## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

એ ના સળંગ હોય તો મારે જવું નથી.
રસ્તાને અંત હોય તો મારે જવું નથી.
બોલાવતું બધુંય ગામ તોય એમની,
ખડકી જ બંધ હોય તો મારે જવું નથી.

જયંત પાઠક

### પાથેય

- રમેશ ઠક્કર

## હદ વગરની સરહદે...

દરેક રસ્તાની એક હદ હોઈ શકે..કોઈપણ ગીતનો કયાંક અંત હોઈ શકે..કોઈપણ માણસ સાથેના સંબંધની પણ હદ નક્કી હોય છે..એને ,'ડેડ એન્ડ 'કહેવામાં આવે છે ! સહજપણે આકાર પામતી શબ્દાવલિઓ પણ કેવી અર્થસભર હોય છે ! આપણે સહુ આવી શરતોને આધિન ચાલીએ છીએ..કોઈપણ વ્યવહારુ વ્યકિત આ સ્થિતિને સહજ માનતી હોય છે..પણ કવિઓ કે સર્જકો આવું માનવા તૈયાર હોતા નથી ! એમના રસ્તા હદ વગરના હોય છે..રસ્તા પછી પણ ખુલતો રસ્તો અને એ રીતે અનંત ચાલતી યાત્રા એમને ગમે છે..જે રસ્તો સળંગ ના હોય એ એમને મંજૂર જ નથી..એ મક્કમપણે આવું બયાન કરી શકે છે.

આ સમજવા જેવી વાત છે..જગતમાં દરેક વસ્તુ કે ઘટનાનો એક અંત કે છેડો અચૂક હોય જ છે.પૂર્ણવિરામ અનિવાર્યપણે આપણી સફરને અટકાવે છે..એ અટકવું ભૌતિક લક્ષ્યાંકો માટે અનિવાર્ય ગણી શકાય..પણ આપણી અંદરની જે યાત્રા હોય છે એ સતત ચાલતી રહે છે..કવિને આવી સફર અભિપ્રેત છે..નિંતાંતપણે ચાલતા રહેવાની પણ એક મજા હોય છે..કુદરતનો વૈભવ કે આંતરિક જગતનો ઉઘાડ માણસને અવિરતપણે નવી નવી દિશાઓ તરફ લઈ જતો રહે છે..કોઈપણ ઉપલબ્ધિ જ્યારે આપણો પુરસ્કાર બની જાય ત્યારે ક્ષણિક તૃપ્તિ અનુભવાય છે..પરંતુ સંસારીનાં આવાં સુખ અને એની તૃપ્તિઓ લાંબી ટકી નથી..અને એટલે જ પછી આપણે કોઈ બીજા રસ્તાની તલાશમાં ભટકતા રહીએ છીએ..માણસ જો હદ પછીના અનહદ જગતની અનુભૂતિ કરે તો શાશ્વત સંતોષ થકી છલકાઈ જતો હોય છે.

આપણે સહુ એક મોટી ભીડ વચ્ચે અવાજ શોધતા માણસો છીએ ! સદીઓથી માણસની એ તલાશ રહેલી છે કે કોઈ એને દિલથી પોકારે..આપણી રોજિંદી જીવન ઘટમાળમાં અનેક લોકો આપણી સાથે બોલચાલનો વ્યવહાર ધરાવતા હોય છે..'આવો કોઈક વખત અમારા ઘેર પણ..' આવું સહજ બોલતા લોકો કેવળ એક શિષ્ટાચાર નિભાવતા હોય છે.એમના શબ્દોમાં વાણીની ચમક હોય છે પણ જીવંતતાનો કોઈ એહસાસ હોતો નથી ! આજકાલ સોશ્યલ મીડિયામાં ફેસબુક કે વોટસેપમાં મિત્રો અને પરિચિતો લાગણીસભર શબ્દોની આપલે કરતા રહે છે પરંતુ જ્યારે પરસ્પર મને ત્યારે શુષ્કતાનો અનુભવ થતો હોય એવું લાગે છે..આવા સંબંધોની કોઈ ઉષ્મા હોતી નથી..કવિ આ બધા ગોકીરા વચ્ચે ગમતું એક આમંત્રણ શોધે છે.આ શોધ જ્યારે કાવ્યપંકિતમાં વ્યક્ત થાય ત્યારે એ આપણા સહુની જ વાત હોય એવી અનુભૂતિ થઈ જતી હોય છે.

માણસ જે નગર કે ગામમાંથી નિકળ્યો હોય ત્યાં કોઈ લાગણીનો તાર સંધાયેલો હોય તો જ એ કામનું..બાકી એ ગામ કે શહેર આપણી એક દુન્યવી ઓળખ બનીને રહી જાય છે..એવી કોઈ શેરીઓ ભલે ખુલ્લી હોય એમાં ચહલપહલ પણ હોય એનું મોટું નામ પણ હોઈ શકે..પરંતુ એમાંથી કોઈ એકાદ ઘરનો હોંકારો મળી જાય તો આખું ગામ પોતિકું લાગતું હોય છે..!બંધ ખડકી અપરિચિતતાના પર્યાય જેવી હોય છે !

# હોલી આઈ રે....

તંત્રીસ્થાનેથી...

ચારે તરફ હોળી સળગેલી છે. ચાઈનીઝ કોરોના નામના સૂક્ષ્માતિક્ષૂમ વિષાણુએ કોઈની શેહ શરમ ભર્યા વિના બધાને ઘૂંટળિયે પાડી દીધા હતા. એ વિભીષિકાને વીસરવા માગતી દુનિયા વખત પૂરતી ત્રીજા વિશ્વયુદ્ધના ઓવારે પહોંચી ગઈ હોય એવું લાગવા માંડ્યું હતું. હજી એ શક્યતા સમૂળગી શમી ગઈ છે એવું માનશો નહીં. જીદ પર આવી ગયેલા રશિયન રાષ્ટ્રપતિ માટે બે એવી મોટી મર્યાદાઓ છે કે એ પરમાણું શસ્ત્રોના ટ્રિગર દબાવતાં અચકાય છે. એક તો એની સાવ જ ખોરવાઈ ગયેલી ઈકોનોમી. પ્રતિબંધોને લીધે ખુદ રશિયાના જ ઉદ્યોપતિઓ અને પ્રજા એના રાષ્ટ્રપતિને ધિક્કારતી થઈ ગઈ છે. માનવાધિકાર હનનના મુદ્દે રશિયન પ્રજા પણ નાગરિકોની, બાળકોની કત્લેઆમ જીરવી શકતી નથી. પ્રજા શું, ખુદ રશિયન સૈનિકો મોટી સંક્યામાં શહીદ થયા છે એથી સેના કયારે પુતિનના આદેશનો અમલ કરવાનો ઈનકાર કરી બેસે એ કળવું મુશ્કેલ છે. હોળી યુક્રેનને ખંડેરમાં તબદીલ કરી ચૂકી છે અને છતાં પેલા પ્રહલાદની જેમ રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીનો વાળ વાંખ થયેલ નથી ! કયારેક નરસિંહ અવતાર સમો કોઈ સહાયક થાંભલો ફાડીને પ્રગટશે એની રાહ જોઈ રહેલા ઝેલેન્સ્કીનો માનવીનાં લોકતાંત્રિક ઈતિહાસમાં સોનેરી પ્રકરણ ફાળવાઈ ચૂક્યું છે. કદાચ એ નોબેલના હકદાર પણ બની જશે અને પુતિન ચંગેશખાન કે તૈમૂરની પંગતમાં પરોવાઈ જશે. ઘર આંગણે જરા જુદી ભાતની હૈયાહોળી સળગી રહી છે. સોનિયા ગાંધી અને પરિવારે ફક્ત અશોક કહલોત જેવા નીવડેલા વફાદારોના કહેવાથી કોંગ્રેસના સત્તાધીશ તરીકે ચીટકી ન રહેવું જોઈએ. પરંતુ એમને પદ પર રહેવામાં જ શ્રેય અને સલામતી વરતાય છે. કોંગ્રેસના હોદ્દાને કારણે એમના થોથવાયેલા ઉદાસ ચહેરાઓ પર કેમેરા ક્લિક થતા રહે છે. જેવું રાજીનામું આપશે કે પોતે પાણીમાં મીઠાની કાંગરી ઓગળી જાય એમ પૂરાં થઈ જશે. કોંગ્રેસમાં પ્રાણ ફૂંકવા માટે નવા, કલ્પાનાશીલ અને 'ડાઉન ટુ અર્થ' નેતૃત્વની જરૂર છે. એ ન તો સોનિયા પરિવાર પૂરું પાડી શકે કે ન એ સિબ્બલ અને ગુલામનબી દ્વારા થઈ શકે. એ તો મમતા બેનરજી બ્રાન્ડ 'મા, માટી, માનુષ' વાળી ઝુઝારુ સંકલ્પના લઈ, માથે કફન બાંધીને મેદાને જંગમાં ઊતરનાર નવી નેતાગીરી દ્વારા જ શક્ય છે. છાપેલાં કાટલાં મેદાનમાં હશે ત્યાં સુધી ભાજપને ઝાઝી જહેમત ઉઠાવવાની જરૂર નહીં પડે. હોળીના બસંત રંગે રંગાયેલ પંજાપ કે દિલ્હીને દેશમાં છવાઈ જવાની ઉતાવળ આવી છે. પણ એમણેય ખમૈયા કરવાની જરૂર છે. અત્યારે તો ફક્ત સંજય રાઉત અને પ્રશાંત કિશોરની ગણતરીપૂર્વક ગઠબંધન રાજનીતિ જ ભાજપ અને 'હિંદુ હૃદય સમ્રાટ' વૈશ્વિક ઈમેજ ધરાવતા મિલેનિયમ લીડર સામે થોડી ઘણી પર કારગત થઈ શકે. ઉત્તર પ્રદેશની ચૂંટણી ભાજપ જીત્યું એ કરતાં માયાવતી અને ઓવૈસીએ ભાજપને જિતાડ્યું - એવું પૃથ્થકરણ મહદંશે સાચું લાગે. હવે પછીની ચૂંટણીઓમાં પણ બધા પ્રાદેશિક પક્ષો માત્ર સ્વકેન્દ્રી અભિગમ રાખી મતદાતાઓમાં ભાગલા પડાવતા રહેશે તો ૨૦૨૪માં ફરી મોદીની તાજપોશીની આગાહી કરવા જયોતિષીઓની જરૂર નહીં પડે ! સૌને હોળી મુબારક! દુરિત પર સત્ત્વશીલ તત્ત્વોના વિજયનું આ પર્વ પ્રહલાદની જેમ સૌને ફળે.

# પ્રજાને માટે છત્ર બનીને, એના સંતાપ હરજે

ફાગણ વદ ત્રીજ 'શિવાજી જયંતિ' છે, ત્યારે આ મહાન રાષ્ટ્રનાયકનું પુણ્યસ્મરણ થાય છે.

'ઈન્ડિયા ઈન ફિફટી લાઈવ્સ' આ પુસ્તક ન્યૂયોર્કથી પ્રકાશિત થયું છે. સુનિલ ખીલનાણી એના લેખક છે. આધુનિક ભારતના ઘડવૈયાઓમાં આમાં પરિચય છે. તેમાં ભગવાન બુદ્ધથી શરૂ કરીને ધીરુભાઈ અંબાણી સુધીના વ્યક્તિ વિશેષ છે. આમાં ૧૯માં ક્રમે છત્રપતિ શિવાજી મહારાજ (ઈ.સ. ૧૬૨૦ થી ૧૬૮૦) છે.



ખીલનાણી રાયગઢ હતા. ત્યા એમને એક બહુરાષ્ટ્રીય કંપનીના મેનેજર એમના કર્મચારીઓ સાથે મળ્યા. શિવાજીની પ્રતિભા બતાવીને કહ્યું, 'આ અમારા ભગવાન છે. અમે મેનેજરો, અમારી કંપનીઓનાં કર્મચારીઓને શિવાજીના યુદ્ધક્ષેત્રો અને કિલ્લાઓમાં ફેરવીએ છીએ. શિવાજી પાસેથી અમને જે પ્રેરણા મળે છે, એનાથી કંપનીનો વિકાસ થાય છે. આ તો મેનેજમેન્ટ ગુરુ છે. કર્મચારીની પસંદગી, મેનેજર સાથેના સંબંધો, એમની ફરજો, પ્રજાલક્ષી વહીવટ - ઘણું બધું અમે શીખી શકીએ છીએ.'

અમેરિકન ઈતિહાસકાર વિદૂષિ બહેન વેન્ડી ડોનિજરને આશ્ચર્ય થયું - 'ઈ.સ. ૧૬૪૭માં માત્ર સત્તર વર્ષની વયે શિવાજીએ મરાઠા સામ્રાજય ઊભું કર્યુ હતું.'

સંસ્કૃત ભાષા કયારેક મૃત ભાષા રહી નથી. સાહિત્યનાં બધાં ક્ષેત્રોમાં હંમેશાં ખેડાણ થતું રહે છે. શિવાજી વિષે સંસ્કૃતમાં બે નાટકો રચાયાં છે :

(૧) ઈ.સ. ૧૯૨૯માં મૂળશંકર યાજ્ઞિકે 'છત્રપતિ સામ્રાજય' નાટકની રચના કરી છે. યાજ્ઞિક નડિયાદના વતની હતી.

(૨) ઈ.સ. ૧૯૪૫માં હરિદાસ સિદ્ધાન્તવાગીશએ નાટકે 'શિવાજી ચરિત' ની રચના કરી છે.



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

નાટકનાં કેટલાક પ્રસંગો આ પ્રમાણે છે :

(૧) તોરણ દુર્ગનાં અધ્યક્ષ કરીમ બક્ષ હતો. એની પાસે એકવાર એક સાધુ આવ્યો. એના સાથીદારો નર્તકીઓ અને સરકસના ખેલાડીઓ હતા. તેઓ પોતાની કલા દેખાડવા લાગ્યા. ઓચિંતો સાધુએ હુમલો કરીને એને કેદ કરી લીધો. દુર્ગ જીતી લીધો. સાધુ અને સાથી શિવાજી અને સૈનિકો હતા. આ ઘટના બની, ત્યારે શિવાજી ૧૯ વર્ષના હતા.

(૨) નાદિર શાહનો સેનાપતિ અફઝલ ખાન હતો, એ કપટથી શિવાજીને મારવો ગયો. પરંતુ શિવાજીએ વાઘ નખથી એનું પેટ ચીરી નાખ્યું. ૧૦ સપ્ટેમ્બર ૧૬૫૯ અને મંગળવારે આ ઘટના બની.

(૩) શાયસ્ત ખાન ઉપર આકસ્મિક હૂમલો કરીને શિવાજીએ પૂના કબજે કર્યું. રવિવાર, ૫ એપ્રિલ, ૧૬૬૩ના દિવસે આ ઘટના બની.

(૪) ઔરંગઝેબના આમંત્રણથી શિવાજીએ એનો મળવા ગયા. ૧૬ મે, ૧૬૬૬ના દિવસો મુલાકાત થઈ. શિવાજીનો ખ્યાલ આવી ગયો કે પોતાનો નજરકેદ કર્યા છે. એ સાત જ દિવસમાં એ ફળોના મોટા કરંડિયામાં બેસીને નાસી ગયા.

(૫) રવિર ૬ જૂન, ૧૬૭૪ના રોજ શિવાજીનો રાજ્યાભિષેક થયો. ઉપાધ્યાય મહેશ્વરી શાસ્ત્રીએ મુકુટ પહેરાવ્યો. માતાએ કપાળમાં તિલક કર્યું. માતાની સખી ભૈરવીએ માળા પહેરાવી. સ્વામી રામદાસે છત્ર આપ્યું. આશીર્વાદ આપ્યા - 'પ્રજાને માટે છત્ર બનીને, સંતાપ હરજે.'

### દિન મહિમા

- ધૂળેટી પર્વ
- ૧૯૩૮માં આ જ દિવસે હિન્દી ફિલ્મ જગતના મશહુર અભિનેતા શશી કપૂરનો જનમ થયો હતો. અનેક સુપરહીટ ફિલ્મો આપનાર આ લોકપ્રિય અભિનેતાનું અસલી નામ બલવીર રાજ કપૂર હતુ.

### આજનું ઔષધ

- ગંઠોડા અને સાકરનું ચૂર્ણ લેવાથી તથા સુંઠ ખડી સાકર અને આમળાનું ચૂર્ણ લેવાથી એસીડીટી મટે છે.

### ખડખડાટ

- ઈન ૧૧ કલાસ શિક્ષકે બોર્ડ પર એક સ્પેલિંગ લખ્યો. Germany બોલો વિદ્યાર્થીઓ આ શું લખ્યું છે? બધા એક સાથે બોલ્યા, 'ગેરમાન્ય' શિક્ષક આશ્ચર્ય અને ગુસ્સા સાથે બોલ્યા તમને બોર્ડમાં પાસ કોણે કર્યા ? વિદ્યાર્થીઓ : સર, માસ પ્રમોશન... કોરોના ઝિંદાબાદ...

### આજનો વોટ્સએપ

- ખરાબ સમયમાં ખભા પર રાખેલો હાથ કામયાબી પર તાળીઓથી પણ મૂલ્યવાન હોય છે.

# કઈ ચળવળને ગાંધીજી પોતાની 'હિમાલય જેવડી ભૂલ' ગણતા હતા ?



ખજાનો
અનિલ પટેલ

### ગુજરાતનો ઈતિહાસ

૧ નીચેનામાંથી કયું ઉપનામ સિદ્ધરાજ જયસિંહનું નથી?
(અ) સિદ્ધ ચક્રવર્તી (બ) અવંતીનાથ
(ક) બર્બરક જિષ્ણુ **(ડ) ગુર્જરનાથ**

૨ માળવાના રાજા યશોવર્માએ કોણે હરાવીને કેદ કર્યો હતો ?
**(અ) સિદ્ધરાજ જયસિંહે** (બ) કુમારપાળે
(ક) ભીમદેવે (ડ) મૂળરાજ સોલંકીએ

૩ આરબોના હુમલાઓ દ્વારા કયા શાસનનો અંત આવ્યો ?
(અ) રાષ્ટ્રકૂટોના **(બ) મૈત્રક**
(ક) ચાવડા (ડ) સોલંકી

૪ શૈવ કયા વંશનો કૂળધર્મ હતો ?
(અ) મૌર્ય (બ) રાષ્ટ્રકૂટ
**(ક) મૈત્રક** (ડ) સોલંકી

૫ રાષ્ટ્રકૂટોની રાજધાની કયા સ્થળે હતી ?
(અ) વલ્લભી (બ) પાટણ
(ક) જેતલપુર **(ડ) ખેટક**

૬ ચીની મુસાફર હ્યુએન સંગની ગુજરાત મુલાકાત વખતે કયા રાજા રાજય કરતો હતો?
(અ) ભટ્ટાર્ક **(બ) ધ્રુવસેન બીજો**
(ક) ભીમદેવ બીજા (ડ) મૂળરાજ સોલંકી

૭ રાઘુ રામચંદ્ર અમદાવાદના સુબા હતા ત્યારે કયા બે ચાડિઓ પ્રજાને ખુબ રજાડતા હતા ?
**(અ) ઓતિયો અને ગોધિયો** (બ) ડેર અને મેર
(ક) લાલીયો અને લછીઓ (ડ) છનીયો અને ભગીયો

૮ ૧૮૬૧માં પ્રથમ કપાડની મીલ કોણે શરૂ કરી હતી?
**(અ) રણછોડલાલ શાહ** (બ) અંબાલાલ સારાભાઈ
(ક) જમશેદજી ટાટા (ડ) ગુલાબ

૯ ૧૯૨૦માં અમદાવાદ ખાતે યોજાયેલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશનના પ્રમુખ કોણ હતા?
(અ) વિનોબા ભાવે (બ) ગાંધીજી
(ક) સરદાર પટેલ **(ડ) સુરેન્દ્ર બેનરજી**

૧૦ અમદાવાદ સાબરમતી પર આવેલ નહેરુ પુલનું ઉદ્‌ઘાટન કોણે કર્યું હતું ?
**(અ) જવાહરલાલ નહેરુએ** (બ) સરદાર પટેલે
(ક) ઈન્દિરા ગાંધીએ (ડ) મોરારજી દેસાઈએ

૧૧ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મળવા અને જહાલવાદી જૂથોની એકતા માટે કયા ગુજરાતી નેતાએ સક્રિય પ્રયાસો કર્યા હતા ?
(અ) અરવિંદ ઘોષ (બ) વિઠ્ઠલભાઈ પટેલ
**(ક) પ્રો. ટી.કે. ગજ્જર** (ડ) મોરારજી દેસાઈ

૧૨ મોહનલાલ પંડ્યા કયા નામે જાણીતા હતા ?
(અ) બટાકા ચોર **(બ) ડુંગળી ચોર**
(ક) માખણચોર (ડ) રેટીયા ચોર

૧૩ કઈ ચળવળને ગાંધીજી પોતાની 'હિમાલય જેવડી ભૂલ' ગણતા હતા ?
(અ) દાંડીકૂચ (બ) હિન્દ છોડો
**(ક) સવિનય કાનૂન ભંગ** (ડ) બારડોલી સત્યાગ્રહ

૧૪ મહાગુજરાત આંદોલનની આગેવાની કોણે લીધી હતી?
(અ) રવિશંકર મહારાજ **(બ) ઈન્દુલાલ યાજ્ઞિક**
(ક) વિનોબા ભાવે (ડ) છોટુભાઈ પુરાણી

૧૫ ગાદીનો ત્યાગ કરી દેશભક્તિનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડનાર દરબાર ગોપાળદાસ ક્યાંના રાજવી હતા ?
(અ) ગોંડલ (બ) મોરબી
(ક) ભાવનગર **(ડ) ઢસા**

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧૮ માર્ચ :
- ચેન-સુઈ-બેન રિપબ્લીક ઓફ ચાઈના (તાઈવાન)ના પ્રેસીડેન્ટ બન્યા (૨૦૦૦)
- અમેરિકન મ્યુઝિશિયન અને અભિનેત્રી ક્વીન લહીકાહનો જન્મદિવસ (૧૯૭૦)
- રશિયન અવકાશયાત્રી 'સ્વેસ એલેકસાઈ લીયોનાઓ સ્પેસમાં ચાલનાર પ્રથમ વ્યક્તિ બન્યા' (૧૯૬૫)
- મહારાજ સયાજીરાવ ગાયકવાડની જન્મજયંતિ (૧૮૮૬)
- ૧૯ માર્ચ : (વિશ્વ વિકલાંગ દિવસ)
- આજીવન ક્રાંતિકારી આચાર્ય જીવનરામ કૃપલાણીનું નિધન (૧૯૮૨)
- અમેરિકન રાષ્ટ્રપ્રમુખ જયોર્જ બુશે બગદાદ પર હુમલો કરવા આદેશ કર્યો. ઈરાક યુદ્ધની શરુઆત થઈ (૨૦૦૩)
- આયન્સ ફીકશન પર લેખ લેખનાર બ્રિટીશ લેખક આર્થર સી. કલાર્કનું ૯૦ વર્ષની વયે અવસાન થયું (૨૦૦૮)
- ન્યૂયોર્ક ટાઈમ્સના તંત્રી તરીકે પ્રથમ મહિલા તંત્રીનો કાર્યભાર પત્રકાર જિલા એબ્રામસને સંભાળ્યો (૧૯૫૪)
- ૨૦ માર્ચ : વિશ્વ ચકલી દિવસ
- વિશ્વ પ્રસિદ્ધ વૈજ્ઞાનિક સર આઈઝેક ન્યુટનનું નિધન (૧૭૨૭)
- ટેલેન્ટેડ અભિનેત્રી કંગના રનૌતનો જન્મદિવસ (૧૯૮૭)
- કેનેડીયન બાયો કેમીસ્ટ મૌડ ભેનેરા મેન્ટેનનો જન્મદિવસ (૧૯૭૯)
- ઓસ્ટ્રેલિયાના પૂર્વ પ્રમુખ મેકકોલમ ફ્રેસરનું ૮૪ વર્ષની વયે નિધન (૨૦૧૫)
- ૨૧ માર્ચ : વિશ્વ વન દિવસ / વર્લ્ડ પોએટ્રી દિવસ
- અમેરિકાના સાન ફ્રાન્સીસકો બેયસ એલફ્રેઝ આર્યલેન્ડ ખાતે આવેલ જોખમી જેલને બંધ કરવામાં આવી (૧૯૬૩)
- અભિનેત્રી રાની મુખરજીનો જન્મદિવસ (૧૯૭૮)
- રોમન કેથોલિક સંત એન્જેલા મેરીકીનો જનમદિવસ (૧૪૭૦)
- ટ્વીટરના કો - ફાઉન્ડર જેક ડ્રોસીએ પ્રથમ પબ્લીક ટ્વીટ 'જસ્ટ સેન્ટીગં અપ માય સ્વીટર' મેસેજ કર્યો (૨૦૦૬)
- ૨૨ માર્ચ : વિશ્વ જળ દિવસ
- મશહુર જાપાનીઝ આર્ટીસ્ટ યાયોઈ કૂસમાનો જન્મદિવસ (૧૯૨૯)
- પ્રથમ ગોલ્ફ માસ્ટર ટુર્નામેન્ટ અગસ્ટાના નેશનલ ગોલ્ફ કલબ ખાતે યોજાઈ (૧૯૩૪)
- મોન્ટ્રીઅલ એમેચ્યોર એથલેટીક્સ એસોશીએશને આઈસ હોકીની રમતમાં પ્રથમ સ્ટેનલી કપ જીત્યો (૧૮૯૪)
- જર્મન લેખક અને ફિલોસોફર જહોન વોલ્ફગન વોન ગોએથેનું નિધન થયું (૧૮૩૨)
- ૨૩ માર્ચ : વિશ્વ હવામાન દિવસ / વિશ્વ શહીદ દિવસ
- સ્વાતંત્ર સંગ્રામના અણનમ યોદ્ધા ભગતસિંહનું નિધન (૧૯૩૧)
- સમાજવાદી નેતા રામમનોહર લોહીયાની જનમજયંતિ (૧૯૧૦)
- વસુબેન રા. ભટ્ટની જનમજયંતિ (૧૯૨૪)
- જાણીતી ફિલ્મ ટાઈટેનિકે ૧૧ એકેડમી એવોર્ડ જીત્યા (૧૯૯૮)
- ૨૪ માર્ચ : વિશ્વ ક્ષય દિવસ / ભારતીય ડાક જીવન વીમા દિવસ
- પદ્મશ્રી રુબિન ડેવિડનું નિધન (૧૯૮૯)
- ઈંગ્લેન્ડના મહારાણી એલીઝાબેથ પહેલાનો જન્મદિવસ (૧૫૩૩)
- ભૂતાનમાં નેશનલ એસેમ્બલી માટે ચૂંટણીઓ થઈ (૨૦૦૮)
- સાયન્સ ફિકશનના ફ્રાન્સના લેખક જુલ્સ વેર્નેનું અવસાન (૧૯૦૫)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

યુક્રેનના પ્રેસીડેન્ટનું નામ શું છે ?
જવાબ : વોલ્ડમીર ઝેલેન્સ્કી

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) દિનેશ ડી દરજી : સે-૩એ (૨) મીત પી પટેલ : સરગાસણ (૩) ઋચિત રાવત : સે-૭ (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક - સે-૬ (૬) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬ (૭) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૮) પંકડ આર પ્રજાપતિ : ઉવારસદ (૯) એન બી ચુડાસમા : સેકટર-૩બી

**આ સપ્તાહનો સવાલ**

ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં ભાજપના કયા નાયબ મુખ્યમંત્રી ચૂંટણી હારી ગયા ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# જીના યહાં.... મરના કહાં?
# વિદેશે અંતિમ સંસ્કારનું ઈવેન્ટ મેનેજમેન્ટ!

વચ્ચે એક શુક્રવારે આપણએ પરદેશમાં 'ગુજરી જવાની' માને કે વિદેશના 'ગુજરી બજાર'માં ફરવાની મજા વિશે વાતો કરી હતી... પણ આજે વાત છે પરદેશમાં ખરેખર 'ગુજરી જવા' એટલે કે મરી જવા વિશેની.

પરદેશમાં મરી જવું સહેલું નથી... હા, મરી જનાર - ગુજરી જનારા માટે એટલું મુશ્કેલ નથી કેમ કે એને તો 'મેં મર ગયા પીછે ડૂબ ગઈ દુનિયા' જેવું જ હોય ને! આત્મા વિદાય લઈ જાય પછી પડી રહેલા જડ-અચેતન શરીરની ચિંતા મૃતકને શું હોય ? પણ એના ફેમિલી મેમ્બર્સ માટે ગુજરી જનારની અંતિમ ક્રિયાની જે જવાબદારી અહીં આવી પડે છે તે કપરી હોવથી જ 'વિદેશી મરવું મુશ્કેલ' એમ કહેવું જ રહ્યું.

આપણે ત્યાં તો કુટુંબમાં કોઈ 'દેવ' થઈ જાય કે તરત સગાં-વહાલાં, સ્વજનો, આડોશી - પાડોશી ખરખરો કરવા, દિલસોજી પાઠવવા અને 'કાંધ' દેવા હાજર થઈ જાય. મરનારે જો આંબા વાવ્યા હોય તો એ મુજબ અને બાવળ વાવ્યા હોય - કાંટા વેર્યા હોય તો એ પ્રમાણેની સંખ્યામાં એમને અંતિમ વિદાય આપવા લોકભેગું થઈ જાય છે. અંતિમ ક્રિયાની જવાબદારી બીજા લોકો સ્વયંભૂ લઈ લે તેથી મૃતકના પરિવારને રાહત મળતી હોય છે. જાણકાર સગું - સ્વજન - પાડોશી નનામી તૈયારીમાં લાગે, બીજા બીજી વિધિ ઉપાડી લે, કોક 'શબવાહિની' માટે કોલ કરી દે, બે-ચાર જણાની 'એડવાન્સ પાર્ટી સ્મશાને પહોંચી જઈ, મરણનોંધ કરાવી, ત્યાં લાકડાંની ચિતા ગોઠવવાની તૈયારી કરાવે. હવે જો કે ઈલેકટ્રિક અને ગેસ ભઠ્ઠીઓના પણ ઓપ્શન્સ કેટલીક જગ્યાએ અવેલેબસ થઈ ગયા છે એટલે લાકડાની ચિતાની ચિંતા ને કટાકૂડમાંથી છૂટી મળી રહે છે... આપણે ત્યાં ઘણી વાર, અગ્નિદાહ દેવાઈ જાય કે ત્યાં જ બેસણાંની તારીખ -સ્થળ - સમયની જાહેરાતે ય કરાઈ જાય. પછી પેપરમાં જાહેરાત અપાય અને મૃતકના અંતિમ સંસ્કાર-ઉચિત સન્માન સંદર્ભે સૌ સારાં વાનાં થઈને રહે !!'



હળવે હૈયે
પ્રકાશ લાલા

પણ પરદેશમાં તો બધાં 'બીઝી' એટલે ઝટ લોક ભેગું ના થાય, અને સઘળી જવાબદારી મરનારના ફેમિલી પર જ આવી પડતી હોય છે. ડેથ સર્ટિફિકેટ મેળવવું, અંતિમ સંસ્કાર માટેની જગ્યા દફન - (ક્રમેશન માટેની સ્પેસ) બુક કરાવવી, ડેડ બોડીને લઈ જવાના વાહનની, અંતિમ પૂજા માટે પંડિત - મહારાજની, ફૂલોની, અને જાતજાતની પ્રક્રિયા માટે દોડાદોડી થઈ પડે છે. હવે, અહીંના ટાઈટ - બીઝી શિડ્યુઅલમાંથી સમય કાઢવા પડે અને બધી વ્યવસ્થા ના ગોઠવાય ત્યાં સુધી 'ડેડ બોડી' નું શું ? એટલે પાછી એને સાચવવાની વ્યવસ્થા પણ કરવી રહી. હવે કહો, પરદેશમાં મરવું સહેલું કહેવાય ? પરંતુ બધાં કામોમાં 'સિસ્ટમ' માં માનતી પરદેશી પ્રજાએ અંતિમવિધિ - ફ્યુનરલ્સ માટે પણ ખાસ 'સિસ્ટમ' ઊભી કરી દીધી છે. અહીં પરિવાર વતી મૃતકનો અંતિમ સંસ્કાર અંગેની તમામ કાર્યવાહી સુપેરે અદા કરી આપતી 'ફ્યુનરલ હોમ' અને 'ફ્યુનરલ ડાયરેકટર' કંપનીઓ છે, જે પૈસા લઈને તમને ચિંતામુક્ત કરી દે અને તમે ઈચ્છો એ પ્રમાણે યાને કે 'ગોળ નાખો એ મુજબ ગળ્યું થાય' ના ન્યારે જેવું 'પૅકેજ' પસંદ કરો એ મુજબ બધું જ સાદું કે ભવ્ય રીતે પાર પાડી આપે. આપણે ત્યાં 'મૅરેજ' ને અન્ય શુભ પ્રસંગો માટે 'ઈવેન્ટ મેનેજર' ને 'ઈવેન્ટ મેનેજ કંપની' ને સોંપાય છે એમ તો !! 'ફ્યુનરલ હોમ' ને 'ફ્યુનરલ ડાયરેકટર' મૃતદેહને લાવવાની, અંતિમ દર્શન માટે એને અપડુટેડ સજાવવાની, બીજા સ્ટેટ કે દેશમાં મૃતદેહને મોકલવા ના થાય તો હોય તો એની, દફન કે બાળવાની જગ્યા - સમય - બુક કરાવવાની, અંતિમ દર્શન માટે શબને મૃતક કે પરિવારની ઈચ્છા મુજબ તૈયાર કરવાની તે માટે હોલની, પ્રાર્થના - સંગીની, મંત્રોચ્ચાર ને ધાર્મિક પઠન માટે પંડિત - મહારાજ (એમના માટે પાદરી - ચેપલ) ની શબને લઈ જવા કાજે સસ્તુ - મોંઘુ વાહન, કાસ્કેટ - કોફીન, ફૂલો વગેરેની વ્યવસ્થા કરી દે. એ ઉપરાંત ફ્યુનરલ હોય - ફ્યુનરલ ડાયેરેટર કંપની જો મરણ શંકાસ્પદ સંજોગોમાં થયું હોય તે પોલીસ - કોરોનરની વિધિ હાથ ધરાઈ હોય તો તેમાંય પરિવારજનોને ગાઈડ કરે, લીસ્ટ આપીએ તે પ્રમાણે સગાં - સ્વજનોને આપણા વતી જાય કરે, જીવન ઝરમર મૃત્યુ નોંધ છપાવી આપે, મૃતદેહનું પોસ્ટ માસ્ટમ કરવાના સંજોગોમાં, માર્ગમાંથી 'ડેડ બોડી' લાવીને રાખવાની વ્યવસ્થા, અંતિમ સંસ્કાર પછી શોકસભા - પ્રાર્થના સભા માટે હોલ ને આનુસાંગિક વ્યવસ્થા સાથે દૂરથી આવેલા મહેમાનો માટે ભોજનની વ્યવસ્થા સુદ્ધાં - એમ ઢગલાબંધ પેઈડ સર્વીસીસ આપી, સ્વજનના મૃત્યુથી આઘાતમાં સરી પડેલા, શોકગ્રસ્ત અને એથી આ બધા કામો માટે અસ્વસ્થ કે મૂંઝાતા કુટુંબીજનોની સમસ્યા હલ કરી આપે છે.

તમારે અંતિમ ક્રિયામાં કોઈને બોલાવવા ના હોય અને તમારી પાસે પોતાની જગ્યા હોય તો ત્યાં તમે જાતે મૃતકના અંતિમ સંસ્કાર (અગ્નિદાહ કે દફનવિધિ) પતાવી શકો છો.... એ માટે કોઈ 'ફ્યુનરલ હોમ' કે 'ફ્યુનરલ ડાયરેકટર' ને એન્ગેઝ કરવાની કે પૈસા ખર્ચવાની જરાય જરૂર રહેતી નથી. પણ એમ ના હોયતો એકલ પંડે કેટલે પહોંચી વળો ? તો હાજર હૈ ય સર્વીસીસ.

અહીં ફ્યુનરલ હોમ કંપનીઓનો વ્યવસાય સારો વિકસ્યો છે એટલે એણની વચ્ચે સ્પર્ધા પણ હોય એ સ્વાભાવિક છે.... તેનો લાભ એમના 'કસ્ટમંર'ને મળતો હોય છે. ભાવ-તાલ થઈ શકે, ઘણી બધી ફ્રી કે એડિશનલ સર્વીસ જેમ કે સીનીયર સિટીઝન્સ માટે કાસ્ટેક અસ્થિ માટે પાત્ર ફ્રી - મળી રહે છે... આ કંપનીઓ દરેક પરિવારને તેમનાં માન્યતા, લાગણી, મૂલ્યો, ધર્મ અને પરંપરા મુજબના અંતિમ સંસ્કાર ગોઠવી આપતી હોય છે.

મરનારનું કોઈ વારસ ના હોય કે ના થાય અને મૃતકના બેંક અકાઉન્ટમાં 'ઉલાળિયો' હોય તો એના ફ્યુનરલ કહેતાં અંતિમ સંસ્કારની વ્યવસ્થા સ્થાનિક તંત્ર કરે તેવી જોગવાઈ હોય છે.

અનુસંધાન પાના નં. ૭ પર